| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૫/૧૦/૨૦૨૨ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૮૫૨/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩ | ૩,૮૩,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૦૨ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રીક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યકિતની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૫/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સીટીઃ** ક્ષિતીજભાઈ શશિકાંત જગડ (રહે.સૌરભ સોસાયટી ધવલ સોસાયટીની બાજુમાં સૌરભ ગાર્ડન પાસે મેમનગર) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૨ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની બારીની જાળી તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/-, સોનાની ચેઇન નંગ-૩ કિમત રૂપિયા ૮૦,૦૦૦/-, ડાયમંડના બટન નંગ-૫ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ચાંદીના વાસણો અને સોનાનુ માદળીયુ નંગ-૧ કુલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ કાંડા ઘડીયાળ નંગ-૨ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

**વાડજઃ** પૃથ્વીશભાઈ રાજેશભાઈ પંડયા (રહે.ન્યુ પ્રેમનગર કિરણપાર્ક સામે નવા વાડજ) એ તા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૧૪/૧૦/૨૦૨૨ કલાક ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૦૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.મલ્હોત્રા ચલાવે છે.

**દાણીલીમડાઃ** ઇસ્માઇલભાઇ સુલેમાનભાઇ મોદન (રહે.સફીક એસ્ટેટ, જયશંકર સુંદરી હોલ સામે રાયખડ) એ તા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૨ રાતના ૮/૩૦ થી તા.૨૪/૦૮/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા સિંકંદર માર્કેટની અંદર લાલભાઇ કુંદીવાળા ગોડાઉન સામે "કામીલ કોર્પોરેશન" નામના ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી અલગ-અલગ કંપનીના કી-પેડ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- તથા અલગ-અલગ કંપનીના બ્લુટુથ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૬/૨૦૨૨**

**નારોલઃ** અશોકકુમાર દાઉલાલ અરોરા (ઉ.વ.૫૦)(રહે. ચીરાગ રો-હાઉસ, મોનીહોટલના ખાંચામા નારોલ) એ તા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ અશોકકુમારના રહેણાંકના ઓટલા ઉપરથી થેલો ચોરી કરી લઈ ગયા હતા. જે થેલામાં આશા જ્યોતી તમાકુ નંગ-૧૦ કિંમત રૂપિયા ૧૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૮૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૮,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૭/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** દિલીપભાઇ પચાણભાઇ સોમેશ્વરા (ઉ.વ.૩૫) (રહે.ચામુંડાનગરની ચાલી, આબેંડકર બ્રિજના છેડે ખોડિયારનગર દાણીલીમડા) એ પત્ની રિસામણે હોઈ મનમા6 લાગી આવતા તા.૧૩/૧૦/૨૦૨૨ રાતના ૯/૨૦ વાગ્યા પહેલા રામરહિમના ટેકરા પાસે રિવરફ્રન્ટ વોક-વે સી.ડી.નંબર-૩૫ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રસિંહ માનસિંહ ચલાવે છે.

**મણીનગરઃ** ચંદ્રીકાબહેન ભરતભાઇ શાહ (ઉ.વ.૭૦) (રહે. માંગલ્ય-૫ દુર્ગા સ્કુલ સામે જયહિંદ ચાર રસ્તા મણીનગર) એ બીમારીથી કંટાળી તા.૧૩/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સરદાર પટેલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૦/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** સોહરાબ ઉર્ફે બાબુ અજીમુદિન અસારી (ઉ.વ.૨૭)(રહે.મુબારનગર સીટીઝન નગર સામે ગોસીયા મસ્જી પાસે બેરલ માર્કેટ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુખાભાઈ કરશનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી